| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધીકારી દ્વારા**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,**<br>**અમદાવાદ શહેર (P.R.O.)**<br>**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,**<br>**૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |

**તા.૨૫/૦૮/૨૦૨૩ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૯૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૩૪ લીટર દેશી દારૂ, ૫૨ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૦,૪૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૯૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડી અને વિશ્વાસઘાતઃ- સમાચાર યાદી નં.૧૩૯૬/૨૦૨૩

**માધવપુરાઃ** અશોકકુમાર શાંતિલાલજી જૈન (ઉ.વ.૫૮) (રહે. અર્હમ એન્કલેવ જવાહરચોક સાબરમતી) એ તા.૨૪/૦૮/૨૦૨૩ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અશોકકુમાર જૈન નાઓ માધવપુરા મરચા બજાર ખાતે દુકાન નંબર-૧૪૪૧ "અભિનંદન" નામની ઓફિસ ધરાવી મરી મસાલાનો ધંધો કરતા હોઈ માહે સપ્ટેમ્બર-૨૦૧૯ થી ઓક્ટોબર-૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મોહીત રાજેશ ગોયલ (રહે.એ.એફ.ડબલ્યુ.એમ.-૩ એમ ગોલ્ફ એસ્ટેટ, સેક્ટર-૬૫, ગુરૂગાંવ, હરીયાણા)અવાર-નવાર મરી-મસાલાનો માલ ખરીદ કરી અશોકભાઇને વિશ્વાસમાં લઈ ખરીદ કરેલ માલ પેટે બાકી નીકળતા રૂપિયા ૪૬,૮૪,૪૪૪/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.ખાંટ ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૩૯૭/૨૦૨૩

**નરોડાઃ** અનિલ સ/ઓ ત્રીવેણી શર્મા (રહે. મહાદેવ મંદીરની બાજુમાં આસોપાલવ સોસાયટી જી.આઇ.ડી.સી.નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૮/૨૦૨૩ કલાક ૮/૩૦ થી કલાક ૯/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા જી.આઇ.ડી.સી. ફેઝ-૨ બેંક ઓફ બરોડાની બાજુમાં જી.આઇ.ડી.સી.ના પમ્પીંગ સ્ટેશન નંબર.'એ' ની બારી વાટે અજાણી વ્યક્તિ પ્રવેશ કરી પમ્પીંગ સ્ટેશનની અંદર લગાવેલ પમ્પીંગ સ્ટેશનના વાલ્વની ઇલેક્ટ્રીક રોટર નંગ-૬ કિમત રૂપિયા ૪૨,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર સુકાભાઇ ચલાવે છે.

**સોલા હાઈકોર્ટ**ઃ પ્રફુલભાઇ સ/ઓ ગોરધનદાસ ઠક્કર (રહે. દેવ આશિષ ફ્લેટ સતાધાર ચાર રસ્તા પાસે ઘાટલોડીયા) એ તા.૨૪/૦૮/૨૦૨૩ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૮/૨૦૨૩ બપોરના ૩/૩૦ થી તા.૨૨/૦૮/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સતાધાર ચાર રસ્તા દેવ આશિષ કોમ્પ્લેક્ષમાં જલારામ ખમણ હાઉસ નામની દુકાનના શટરનું તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી ગેસનો બાટલો કિમત રૂપિયા ૯૦૦/- અને રોકડ રૂપિયા ૧,૧૨,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી અમિતભાઈ જીતુભાઈ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૮/૨૦૨૩**

**નરોડાઃ** મહેશભાઇ કાંતીલાલ ખત્રી (રહે. દુર્ગાપાર્ક વસંતવિહાર સોસાયટી પાસે નરોડા) એ તા.૨૪/૦૮/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૮/૨૦૨૩ બપોરના ૩/૧૫ થી ૩/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા સ્મશાન ચાર રસ્તા પાસે તીર્થરાજ કોમ્પલેક્ષમા દુકાન નંબર.૧૫ “સપના જવેલર્સ” નામની દુકાનમાં ગ્રાહક તરીકે આવેલ ત્રણ અજાણી મહિલાઓએ મહેશભાઇની નજર ચુકવી સોનાની બુટ્ટી જોડ-૨ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- અને સોનાની ચેઇન કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૦,૦૦૦/-મતાની ચોરી કરી લઇ ગઇ હતી.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી બી.એફ.ડાભી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૯/૨૦૨૩**

**“એમ” ટ્રાફીક પોલીસ સ્ટેશન**ઃ સુખદેવભાઇ બાસદેવ પ્રજાપતિ (ઉ.વ.૩૬) (રહે.હરગોવિંદભાઇ રબારીની ચાલી, રબારી વસાહત, ગોકુલનગર, ઘાટલોડીયા) તા.૨૦/૦૮/૨૦૨૩ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે શાંતિપુરા સર્કલ થી શીલજ તરફ જતા વકીલ સાહેબ બ્રીજ ચડતા સરસ્વતી હોસ્પીટલ સામે રોડ ઉપર પોતાની મોટર સાયકલ પાછળ પોતાના નાના ભાઇ રંજીતકુમાર પ્રજાપતિ નાઓને બેસાડી પસાર થઇ રહ્યા હતા ત્યારે અજાણ્યા ફોર વ્હીલ ગાડીના ચાલકે પુરઝડપે અને બેદરકારીથી ફોર વ્હીલ ચલાવી લાવી મોટર સાયકલને ટક્કર મારતા, રંજીતકુમારને સામાન્ય ઇજાઓ થયેલ અને સુખદેવભાઇને શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે સુખદેવભાઇને અસારવા સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૦૮/૨૦૨૩ રાતના ૮/૧૦ વાગે સુખદેવભાઇ પ્રજાપતિનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મરણ જનાર સુખદેવભાઇના નાના ભાઇ રંજીતભાઇ પ્રજાપતિ એ “એમ” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.જી.કટારીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૦૦/૨૦૨૩**

**સોલા હાઈકોર્ટઃ** એસ.જી.હાઈવે પર આવેલ મારુતી સુઝુકી શો રૂમ સામે આવેલ “ક્રાફટ સેવન” કોમ્પલેક્ષમાં ૩૦૫ નંબરની ઓફીસ ખાતે રહેતા હર્ષ દિનેશભાઈ બોરીચા (ઉ.વ.૨૪) (મુળ વતન. પ્લોટ નં.૨૧, ગૌતમનગર, અખલોલ પાસે જકાતનાકા ચિત્રા ભાવનગર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૮/૨૦૨૩ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેશસિહ નટવરસિહ ચલાવે છે.

**શહેરકોટડાઃ** કિંજલ ડો/ઓ સતીષભાઇ વાઘેલા (ઉ.વ.૧૭) (રહે. કાલુપુર બ્રિજના નાકે ગંગારામની ચાલી ઇંટવાડા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૮/૨૦૨૩ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ જગતસિંહ ચલાવે છે.

**બાપુનગરઃ** વિનોદભાઇ ખીમાભાઇ પરમાર (ઉ.વ.૫૦) (રહે. શાસ્ત્રીનગરનાં છાપરાં ભક્તિનગર બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૮/૨૦૨૩ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૦૮/૨૦૨૩ બપોરના ૪/૨૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એસ.રાવલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,<br>
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી